ગોત્રી નીલાંબર સર્કલ પાસે કોર્પોરેશનના અધૂરા ખોદકામથી પ્રજા ત્રસ્ત

વાહનચાલકોના માથે સતત મોતનો ભય

અધૂરા કામને લીધે
રાહદારીઓ અને વાહનચાલકો માટે માર્ગ બન્યો જોખમી





(પ્રતિનિધિ) વડોદરા તા.02

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા નીલાંબર સર્કલ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલા ખોદકામના અધૂરા કામને લઈને સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તંત્ર દ્વારા માર્ગ પર ખોદકામ કરીને કામ અધૂરું છોડી દેવામાં આવતા રોડ પર કપચી અને કાટમાળ પથરાયેલો જોવા મળી રહ્યો છે. અધૂરા ખોદકામ અને રોડ પર પથરાયેલી કપચીના કારણે આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ તેમજ વાહનચાલકોના વાહનો અવારનવાર સ્લીપ થઈ જવાના બનાવો બની રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે રોડ પર અકસ્માતનો મોટો ભય સેવાઈ રહ્યો છે અને અગાઉ પણ અહીં અકસ્માતોની ઘટનાઓ બની ચૂકી છે.

સ્થાનિક રહીશોમાં આ બાબતે તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોમાં એવા સવાલો ઉઠી રહ્યા છે કે, પ્રજાની સુખાકારી માટેના વિકાસના દાવા કરતી મહાનગરપાલિકા દ્વારા આ જોખમી માર્ગ પર ક્યારે ત્વરિત કામગીરી હાથ ધરીને રસ્તો પૂર્વવત કરવામાં આવશે? જેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી લોકમાં માંગ ઉઠી રહી છે.

બાલા હનુમાન મંદિર પાસે ચાલકો વચ્ચે છૂટા હાથની મારામારી

ફતેપુરામાં બે ટુવ્હીલર અથડાતા, ઢીશુમ ઢીશુમના દ્રશ્યો સર્જાયા

અકસ્માત બાદ
બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું, ટ્રાફિક જામ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરમાં સામાન્ય બાબતે હવે જાહેરમાં ઘર્ષણ બાદ મારામારી થવી આમ વાત બની ગઈ હોય તેમ દરરોજ આવી ઘટનાનો સામે આવી રહી છે. ત્યારે, ફતેપુરા વિસ્તારમાં આવેલા બાલા હનુમાન મંદિર પાસે બે ટુ-વ્હીલર વચ્ચે સામાન્ય અકસ્માત બાદ મામલો બિચકતા વચ્ચે રસ્તે જ મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. બે ટુ વ્હીલર વાહન ચાલકો વચ્ચે અચાનક ટક્કર થઈ હતી.

અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા પહોંચી ન હતી, પરંતુ બંને પક્ષો એકબીજા પર આક્ષેપ લગાવતા ઉગ્ર બોલાચાલી પર ઉતરી આવ્યા હતા. જોતજોતામાં બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને વાત હાથાપાઈ સુધી પહોંચી ગઈ હતી. વચ્ચે રસ્તે જ બંને પક્ષના યુવકો વચ્ચે ઢીશુમ-ઢીશુમ જેવા દ્રશ્યો સર્જાયા હતા અને એકબીજા પર છૂટા હાથની મારામારી શરૂ કરી દીધી હતી. આ ઘટનાને પગલે આસપાસના દુકાનદારો અને રાહદારીઓની ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. અંતે સ્થળ પર એકત્ર થયેલા લોકોએ મધ્યસ્થી કરી બંને ચાલકોને છૂટા પાડી મામલો થાળે પાડ્યો હતો.

વુડા ચાર રસ્તા પર એક વ્યક્તિ દ્વારા ઈ-બસ રોકી હાઈવોલ્ટેજ ડ્રામા કરાયો

ટ્રાફિક વચ્ચે બસના દરવાજા પર હાથ પછાડતો શખ્સ કેમેરામાં કેદ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના વુડા ચાર રસ્તા પર એક અજાણ્યા વ્યક્તિએ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ વ્યક્તિએ આક્રોશીત હાલતમાં બસના દરવાજા પર જોરજોરથી મુક્કા મારવા લાગ્યો હતો અને ડ્રાઈવર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, એક વ્યક્તિ અચાનક રસ્તાની વચ્ચે ધસી આવ્યો હતો અને હાથના ઈશારાથી વાહનોને રોકવા લાગ્યો હતો. આ દરમિયાન ત્યાંથી પસાર થતી વડોદરા મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિક બસને તેણે વચ્ચે રોડ પર રોકી દીધી હતી. બસ ઉભી રહેતા જ તે ઉશ્કેરાયેલી હાલતમાં બસના દરવાજા પર જોરજોરથી હાથ પછાડવા લાગ્યો હતો અને ડ્રાઈવર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. આ દરમિયાન બસમાં બેઠેલા મુસાફરોમાં પણ ગભરાટ ફેલાયો હતો. પાછળથી આવતા વાહનચાલકો પણ અટવાયા હતા. આ સમગ્ર ઘટનાને ત્યાં હાજર કેટલાક લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ છે કે પછી બસ ડ્રાઈવર સાથે તેને કોઈ અંગત બબાલ થઈ હતી, તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને તે વ્યક્તિને રોડ પરથી હટાવી ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસ બાદ જ આ હાઈવોલ્ટેજ ડ્રામાનું સાચું કારણ બહાર આવશે.

કામધંધોના મળતાં આર્થિક સંકડામણથી કંટાળી યુવકનો આપઘાત

પાદરા : પાદરા તાલુકાના પિડાપા ગામે કામધંધો ન મળવા અને વાપરવાના પૈસાની તંગીના કારણે માનસિક તણાવમાં આવેલા 22 વર્ષીય યુવકે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. પિડાપા ગામના ડેરીવાળું ફળિયામાં રહેતા અમિતભાઈ અશોકભાઈ પરમાર (ઉ.વ.22) કોઈ કામધંધો કરતા ન હતા. તેમજ પોતાની પાસે વાપરવાના પૈસા ન હોવાથી તેઓ માનસિક તણાવમાં રહેતા હતા. દરમિયાન ગત 30 ઓક્ટોબરના રોજ રાત્રે 8:30 વાગ્યાના અરસામાં ગામથી 10 કિલોમીટર દૂર માસર રોડ પર આવેલા વિસ્તારમાં તેમણે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.ઝેરી દવા પી લેતાં તેમની તબિયત લથડતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન 1 નવેમ્બરના રોજ મોડી રાત્રે 12:15 વાગ્યે તેમનું મોત નિપજ્યું હતું.

ફાયર બ્રિગેડ મોડું પહોંચ્યા હોવાનો પરિવારનો આક્ષેપ,સ્થાનિકોમાં રોષ

મહેશ્વરી ફાટક નજીક યોગેશ્વર પાર્કના ઘરમાં એકાએક આગથી ઘરવખરી ખાખ

શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન, તહેવાર પૂર્વે નુકસાન થતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના બાજવા-ઉંડેરા વિસ્તારમાં મહેશ્વરી ફાટકની બાજુમાં આવેલા યોગેશ્વર પાર્કમાં એક મકાનમાં આગ લાગવાની ઘટના બની હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં ઘરમાં રહેલી તમામ ઘરવખરી, કિંમતી સામાન અને રોકડ રકમ બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, યોગેશ્વર પાર્કમાં રહેતા રાજુભાઈ જગન્નાથના મકાનમાં મીટરમાં શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. ઘટના સમયે ઘરમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ પરિવારને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. આગ લાગતાં જ પરિવારજનોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જોકે પરિવારનો આક્ષેપ છે કે જાણ કરવા છતાં ફાયર બ્રિગેડની ટીમ અંદાજે બે કલાક મોડી પહોંચી હતી. જો સમયસર ટીમ પહોંચી હોત તો કેટલોક સામાન બચાવી શકાયો હોત. સ્થાનિકોના જણાવ્યા મુજબ વારંવાર ફોન કરવા છતાં તંત્ર તરફથી પ્રતિસાદ ન મળતા સ્થાનિક રહીશોએ પાણીની ટાંકીમાંથી પાણી કાઢી જાતે જ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો, ત્યાં સુધીમાં તમામ સામાન બળી ચૂક્યો હતો. ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ફાયર બ્રિગેડની કામગીરીને લઈને પોલીસ સાથે પણ ઘર્ષણ સર્જાયું હતું. સ્થાનિક મહિલા શુભાંગીબેન સહિતના રહીશોએ તંત્રની લાપરવાહી સામે રોષ વ્યક્ત કરી યોગ્ય વળતરની માંગ કરી છે.

તરસાલીની વૃદ્ધા ઈજાગ્રસ્ત અવસ્થામાં મળ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨

શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી વિશાલનગર સોસાયટી બહારથી ગઈકાલે સવારે અંદાજે ૧૧ વાગ્યાના સુમારે ઉર્મિલાબેન શાહ ગતરોજ સવારે તેઓ કોઈક કારણસર ઘરની બહાર ગયા હતા, તે દરમિયાન વિશાલનગરની બહારના વિસ્તારમાં તેઓ લોહીલુહાણ અને માથામાં ગંભીર ઈજા પામેલી હાલતમાં અચેત અવસ્થામાં મળી આવ્યા હતા. આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને ત્વરિત ૧૦૮ કટોકટી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ની ટીમ દ્વારા સમયસૂચકતા વાપરીને ઉર્મિલાબેનને તાત્કાલિક શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલના તબીબો દ્વારા તેમની સારવાર કરવામાં આવી રહી છે, પરંતુ માથામાં થયેલી ઈજાના કારણે તેઓ હજુ સુધી અર્ધ બેભાન અવસ્થામાં છે.

રસલ્સ વાઈપર સિમેન્ટની પાણીની ટાંકીમાં ખાબક્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગણપતપુરા પેટ્રોલ પંપ નજીક આવેલા ખેતરમાં કામ દરમિયાન ખેડૂતની નજર ટાંકી પર પડતા અંદર કંઈક હલચલ દેખાઈ હતી. નજીક જઈને જોતા ટાંકીમાં પાણી ઓછું હતું અને અંદર એક મોટો રસલ્સ વાઈપર સાપ કુંડળી મારીને ઠંડકમાં આરામ ફરમાવી રહ્યો હતો. તાત્કાલિક વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારને ખેડૂતે જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના વોલીએન્ટર અજ્જુભાઈ પઠાણ જરૂરી સાધન સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. ટાંકી ઊંડી અને અંદર અત્યંત ઝેરી સાપ હોવાથી રેસ્ક્યુમાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી, પરંતુ રેસ્ક્યુઅરે હિંમત અને સાવચેતી સાથે આ મોતના માસ્ટર ગણાતા રસલ્સ વાઈપરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. સાપને સુરક્ષિત રીતે પકડી લીધા બાદ તેને વન વિભાગને સુપરત કર્યો હતો.

સાત મહિલા સહિત નવની ધરપકડ કરવામાં આવી

હરણી વારસિયા રીંગ રોડના સંગમ સવાદ ક્વાર્ટર્સમાં ચાલતો જુગારધામ પર દરોડા

એલસીબી ઝોન 4ની ટીમે દરોડો પાડ્યો, રોકડ અને આઠ મોબાઇલ મળી ૩.1.23 લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા તા.02

દિવાળીના તહેવારો નજીક આવતાં જ શહેરમાં જુગારધામો ધમધમવા લાગ્યા છે ત્યારે સંગમ સ્વાદ ક્વાર્ટર્સમાં બંધ મકાનની આડમાં ચાલતા જુગારના અડ્ડાનો લોકલ ક્રાઇમ બ્રાન્ચ ઝોન-4એ પર્દાફાશ કર્યો છે. મકાન નં.112માં બહારથી મહિલા અને પુરુષોને બોલાવી જુગાર રમાડવામાં આવતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં સાત મહિલા અને બે પુરુષ મળી 9 જુગારીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડ રકમ અને આઠ મોબાઇલ સહિત રૂ. 1.23 લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. એલસીબી ઝોન-4ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે હરણી વારસિયા રીંગ રોડ પર આવેલા સંગમ સ્વાદ ક્વાર્ટર્સના મકાન નં.112માં રહેતી વીણાબેન ઉર્ફે મીના પંચાલ પોતાના મકાનમાં બહારથી મહિલા અને પુરુષોને બોલાવી જુગાર રમાડે છે. બાતમીની ખરાઈ બાદ પોલીસે મકાનમાં દરોડો પાડતાં પત્તાં-પાનાં વડે હારજીતનો જુગાર રમતા વીણાબેન ઉર્ફે મીના પંચાલ (ઉ.વ.42), હિનાબેન કિશોરાણી (ઉ.વ.55), ભગવતીબેન પરમાર (ઉ.વ.50), મોનાબેન ગોસ્વામી (ઉ.વ.50), દીપિકાબેન પરમાર (ઉ.વ.37), સોનલ શર્મા (ઉ.વ.35), મનીષાબેન નાનકાણી (ઉ.વ.51), અજયભાઈ પરમાર (ઉ.વ.33) અને બલદેવભાઈ જાદવ (ઉ.વ.44)ને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે અંગઝડતી અને જમીનદાવના મળી રૂ.40 હજાર રોકડા, અલગ અલગ કંપનીના આઠ મોબાઇલ ફોન કિંમત રૂ.83 હજાર અને પત્તાં સહિત રૂ.1.23 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તમામ નવ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આજવા રોડ પર રિક્ષા પલટી ખાતા ૩૫ વર્ષીય યુવક ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨

શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલા સયાજીપુરા ખાતે પીળા વુડા મકાનમાં રહેતા અને ૩૫ વર્ષીય મનોજભાઈ ઘનારામ નાઈ અકસ્માતનો ભોગ બન્યા છે. સોમવારે બપોરે અંદાજે એક વાગ્યાના સુમારે બનેલી આ ઘટનામાં તેમને ડાબા હાથ અને પગમાં ઈજાઓ પહોંચી છે. મનોજભાઈ સોમવારે બપોરે ૧:૦૦ વાગ્યાની આસપાસ ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા ખાટું શ્યામ મંદિર પાસેના લીંબડી ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેમની રિક્ષા પલટી ખાઈ ગઈ હતી, જેના કારણે તેઓ રસ્તા પર ફંગોળાયા હતા. આ અકસ્માતમાં તેમને ડાબા હાથ અને પગમાં ઈજાઓ થતા સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતા જ રાહદારીઓ ઈજાગ્રસ્ત મનોજભાઈને 108 મારફતે સયાજી હોસ્પિટલ ખસેડ્યા હતાં.

લતીપુરા-રણુ રોડ પર રસ્તા વચ્ચે કન્ટેનર પડતા અફરાતફરી, કારને નુકસાન

'ON DUTY ONGC' લખેલા ટ્રેલર પરથી કન્ટેનર સરક્યું, ટ્રાફિક જામ

કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

પાદરા તાલુકાના લતીપુરાથી રણુ તરફ જતા મુખ્ય માર્ગ પર ઓએનજીસીના ડ્યુટી પર જઈ રહેલા ટ્રેલર પરથી કન્ટેનર સરકીને રસ્તા વચ્ચે પડી જતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે, એક કારને પણ નુકસાન થયું હતું. સદનસીબે કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો. ON DUTY ONGC લખેલા ટ્રેલર પરથી અચાનક કન્ટેનર સરકતા જ રોડ પર અન્ય વાહનચાલકોમાં ભય વ્યાપ્યો હતો અને પાછળથી આવતા વાહનોએ તાત્કાલિક બ્રેક મારવી પડી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી એક કાર કન્ટેનર સાથે અથડાતા કારના એક તરફના ભાગને નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં કારમાં સવાર પરિવારના સભ્યોનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માત થતાની સાથે જ આસપાસના સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ટ્રેલર પર કન્ટેનરને યોગ્ય રીતે બાંધવામાં આવ્યું ન હતું અને ચાલકની બેદરકારીના કારણે રસ્તામાં જ કન્ટેનર સરકી ગયું હતું. રસ્તાની વચ્ચે જ કન્ટેનર પડી રહેતા માર્ગની બંને તરફ ટ્રાફિકને અસર વર્તાઈ હતી. લગભગ એક કલાક સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બાદમાં ક્રેઈન મંગાવી કન્ટેનરને રોડ પરથી હટાવી ટ્રાફિક પૂર્વવત કરવામાં આવ્યો હતો.

૩.36.16 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

દિવાળી દરમિયાન બુટલેગરો સક્રિય, દારૂની હેરાફેરી પર ગ્રામ્ય પોલીસનો સપાટો

સ્કોર્પિયોમાંથી ૩.6.44 લાખનો દારૂ અને આઇસર ટેમ્પોમાંથી ૩.8.83 લાખનો દારૂ મળી આવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.11

પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસવે પર ભરૂચ તરફના ટ્રેક ઉપર પાટોદ-દરાપુરા બ્રિજ નીચેથી એલસીબી વડોદરા ગ્રામ્યની ટીમે સ્કોર્પિયો ગાડીને અટકાવી તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની 464 બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.6.44 લાખનો દારૂ, રૂ.15 લાખની સ્કોર્પિયો, ત્રણ મોબાઈલ ફોન, રોકડા રૂ.32,800 અને અન્ય સામાન મળી રૂ.22.27 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પ્રકાશ ઉર્ફે પકો સીતારામ જાદવ અને સચીનકુમાર ઉર્ફે સમીર મફતભાઈ પટેલને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે કરણ વડસર, ગુરુગ્રામના 29 જગુઆર વાઈનશોપનો વિવેકભાઈ સહિતના શખ્સોની સંડોવણી સામે આવતાં તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, વડોદરા તાલુકા પોલીસ અને એલસીબીની ટીમે સમિયાલા ગામ પાસે મુંબઈથી દિલ્હી તરફના એક્સપ્રેસ હાઈવેના ટ્રેક ઉપર આછા ગ્રે કલરના આઈસર ટેમ્પોને ઝડપી પાડ્યો હતો. ટેમ્પોમાં તપાસ કરતાં વિદેશી દારૂની 184 પેટીમાંથી 8,832 ક્વાર્ટર મળી આવ્યાં હતાં. પોલીસે રૂ.8.83 લાખનો દારૂ, રૂ.5 લાખનો આઈસર ટેમ્પો અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.13.89 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના ધોરીમન્ના તાલુકાના લખારી નાડી ગામનો ભગીરથ રામારામ જાટ ઝડપાયો હતો. જ્યારે રાજસ્થાનના સાંચોરનો ભાનુભાઈ બિશ્નોઈ અને પંચમહાલના વેજલપુરનો ભયલુ પોલીસને હાથ લાગ્યા નહોતા. પોલીસે બંનેની શોધખોળ શરૂ કરી છે.

સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

વૃદ્ધે ઘરે જ મોરથૂથુંની ટીકડીઓ ગળી લેતા સારવાર હેઠળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨

નવાપુરા વિસ્તારમાં આવેલી ઉપવન રેસિડેન્સીમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધે સોમવારે સવારે પોતાના ઘરે જાતે જ ઝેરી પદાર્થ મોરથૂથું (Copper Sulphate) ની ટીકડીઓ ગળી જતાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વૃદ્ધે કયા સંજોગોમાં મોરથુથુનીની ટીકડીઓ ગળી તે વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, નવાપુરાની ઉપવન રેસિડેન્સીમાં રહેતા મુકુન્દરાવ નિમાવરકર, ઉંમર વર્ષ ૮૦ નામના વડીલે સોમવારે સવારે કોઈક અગમ્ય કારણોસર અથવા અજાણતા ઘરે મોરથૂથુંની ટીકડીઓનું સેવન કરી લીધું હતું. મોરથૂથું એ અત્યંત જોખમી અને તીવ્ર રાસાયણિક પદાર્થ હોવાથી, ટીકડીઓ લીધા બાદ તરત જ તેમની તબિયત લથડવા લાગી હતી. ઘરના સભ્યોને આ અંગે જાણ થતાં જ તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની ટીમે ત્વરિત કાર્યવાહી કરી સમયસૂચકતા દાખવીને વૃદ્ધને તાત્કાલિક સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં પહોંચાડ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા હાલ મુકુન્દરાવ નિમાવરકરની પ્રાઈમરી ટ્રીટમેન્ટ શરૂ કરી દેવામાં આવી છે અને તેમની તબિયત પર સતત ડોક્ટરોની ટીમ દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.

બીજી બાજુ, આ બનાવની જાણ થતાં નવાપુરા પોલીસ પણ ઘટનાની પ્રાથમિક તપાસ અને વડીલે આ પગલું કેમ ભર્યું તે અંગેની વિગતો મેળવવા માટે સક્રિય થઈ છે. વૃદ્ધ વયે બનેલી આ ઘટનાને કારણે પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

રેસકોર્સ બ્રાન્ચ બહાર સૂત્રોચ્ચાર : નોકરી-પેન્શન જોખમમાં મુકાવાની આશંકા

IDBIના ખાનગીકરણ સામે કર્મીઓનું હલ્લાબોલ, બે દિવસીય હડતાળ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

આઈડીબીઆઈ બેંકના ખાનગીકરણના નિર્ણય સામે કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાનગીકરણના વિરોધમાં દેશવ્યાપી હંગર સ્ટ્રાઈકના ભાગરૂપે વડોદરામાં પણ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. વડોદરાના રેસકોર્સ વિસ્તારમાં આવેલી આઈડીબીઆઈ બેંકની શાખા બહાર કર્મચારીઓ એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કરી સરકારના નિર્ણયનો વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓનું કહેવું છે કે, બેંકનું ખાનગીકરણ થવાથી તેમની નોકરીની સુરક્ષા, પેન્શન, સેલેરી અને આર્થિક ભવિષ્ય જોખમમાં મુકાશે. યુનિયનના આગેવાન અવનીશ કુમારે જણાવ્યું હતું કે, ખાનગીકરણનો નિર્ણય બંધ બારણે લેવાયો છે અને તે કર્મચારીઓના હિતમાં નથી. સરકાર કર્મચારીઓની સુરક્ષાના દાવા કરે છે, પરંતુ હકીકતમાં તેમના ભવિષ્ય સામે જોખમ ઊભું થયું છે. વિરોધ કરી રહેલા કર્મચારીઓએ માંગ કરી છે કે, સરકાર તાત્કાલિક ખાનગીકરણની પ્રક્રિયા અટકાવે અને સરકારી હિસ્સો જાળવી રાખી બેંકને પબ્લિક સેક્ટર બેંક તરીકે જ ચાલુ રાખવામાં આવે.